# પ્રકૃતિ એ જ ઈશ્વર : કથાકારો હવે કરશે પર્યાવરણનું જતન

## પર્યાવરણનું જતન કરવા વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ દ્વારા ઝૂંબેશનો પ્રારંભ: પર્યાવરણ સંરક્ષણ એજ આપણો ધર્મ વિષય પર કથા યોજાઈ: સૌરાષ્ટ્રના કથાકારો દ્વારા પર્યાવરણની તમામ બાબતો પર માર્ગદર્શન અપાયું



તસવીર : સેદાણી

રાજકોટ,મંગળવાર

સામાન્ય રીતે આપણે ભગવાનની એટલે કે ધાર્મિક કથાઓમાં જતા હોઈએ છીએ પણ આપણે એવું ઓછું સાંભળ્યું હશે કે પર્યાવરણના રક્ષણ માટેન કથાનું આયોજન કરાયું હોય જેમાં તમામ બાબતો પર્યાવરણને આવરી લેતી હોય. વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ દ્વારા પર્યાવરણનું જતન કરવા માટે ઝૂંબેશ ચાલી રહી છે તે અંતર્ગત 'પર્યાવરણ સંરક્ષણ એજ આપણો ધર્મ' વિષય પર કથાનું આયોજન કરાયું હતું.

પર્યાવરણનું જતનએ આપણો ધર્મ છે એ વિષય પર સૌરાષ્ટ્રના કથાકારો અને તજજ્ઞોએ વ્યાસપીઠ પર બીરાજી સમાજને માર્ગદર્શન આપવાની વાતો કરી હતી. જેમાં વ્યાસપીઠ પરથી ધર્મના સંદર્ભમાં શ્રોતાઓને પર્યાવરણ સંદેશ માટે કહી શકાય તેવી બાબતો પર ધ્યાન આપ્યું હતું.

જેમાં કથાકારો અને તજજ્ઞોએ જણાવ્યું હતું કે ઈશ્વર પોતે પણ પોતાના સર્જન તરીકે પ્રકૃતિ કોઈને કોઈ સ્વરૂપે ચાહે છે. ગોવર્ધન પર્વતને ધારણ કરવોએ ઈશ્વરનો પ્રકૃતિ પ્રેમ નકકી કરી આપે છે. ભગવાન શ્રીકૃષ્ણએ ગોવાળીયાઓની નેતાગીરી લઈને ગાય માતાના સંરક્ષણનો સંદેશ આપે છે. કૃષ્ણએ જીવનપર્યત ગૌ-સેવા કરી છે કારણ કે ગાય માનવીની મુખ્ય જરૂરિયાતો સંતોષે છે.

પ્રકૃતિના તમામ ઘટકોમાં ઈશ્વરનો વાસ છે જ જેની પ્રતીતીરૂપે દંડકવન રામના આગમન પછી ભરપૂર વસંતમાં ખીલી ઉઠે છે. શંકર ભગવાન પણ વનસ્પતિને પ્રાધાન્ય આપે છે. એટલે જ તેમણે હરહંમેશ સમાધીકાળ વડલા નીચે પસાર કર્યો છે વડલો ધ્યાન અવસ્થા ધારણ કરવાનું ઉત્તમ વૃક્ષ છે.

આપણા આહારના તમામ ઘટકો વનસ્પતિમાંથી જ પ્રાપ્ત થાય છે. એટલે કે અનાદિકાળમાં શાકંભરી માતાજી શાકભાજીનું સ્વરૂપ દુષ્કાળ સમયે પણ ધારણ કરે છે.

પ્રાણીઓ પોતે જ ઈશ્વરના સ્વરૂપો છે અથવા તો ઈશ્વરના પ્રતીકો છે. હનુમાનજીનું વાનર સ્વરૂપ કે ગણેશજીનું હાથીનું સ્વરૂપ તેના આદર્શ ઉદાહરણો છે. ઉપરાંત શીવજીનું સર્પોનું ધારણ કરવું, લક્ષ્મીજીનું પ્રતીક હાથી, અંબાજીનું પ્રતિક સિંહ, સરસ્વતીજી વાહન મોર તે ઈશ્વરનો પણ પ્રાણી પ્રેમ સાબિત કરે છે.

વૃક્ષો તો ભગવાન શીવનું સ્વરૂપ છે. જેમ સમુદ્ર સમયે બહાર આવેલ ઝેર ભગવાન શીવજીએ ગ્રહણ કરી દેવોને જીવન આપેલ તેવી જ રીતે વૃક્ષો પણ હર ક્ષણે કાર્બન ડાયોકસાઈડ ગ્રહણ કરીને જીવનસૃષ્ટિને જીવન પ્રદાન કરે છે.

તુલસી તો ઈશ્વરને પણ ખૂબ જ પ્રિય છે અને આથી જ વિષ્ણુ સહસ્ત્ર વખતે તુલસી પત્રનો અભિષેક થાય છે તેમજ ઈશ્વરજન્ય પ્રસાદ પંચામૃત તો તુલસીપત્ર વગર અધુરા ગણાય છે. તમ વ્યાસાસનેથી સૌરાષ્ટ્રના કથાકારો અને તજજ્ઞોએ જણાવ્યું હતું.

પુરાણોમાં વૃક્ષનું માહત્મય પણ ઘણું દર્શાવ્યું છે મહાભારતમાં કહ્યું છે કે કિન્નર, નાગર, રાક્ષસ, દેવતા, ગંધર્વ મનુષ્ય અને ઋષીઓ બધા જ વૃક્ષોનો આશ્રય લ્યે છે.

સૃષ્ટીના સર્જનહારે પોતાની આર્ષદષ્ટિથી આ વિશ્વના બંધારણમાં પંચમહાભૂત તત્વોનો સંતુલીત સમન્વય કર્યો છે પરંતુ માનવીએ બૌદ્ધિક વિકાસથી કુદરતના આ પંચમહાભૂતને અસંતુલીત કરી પર્યાવરણની વિરાટતેમજ વિકટ સમસ્યા સર્જી છે. આપણે પણ કુદરતના આં પંચમહાભૂત તત્વોનો એટલે કે પર્યાવરણને બચાવવું એ આપણી ફરજ છે.પર્યાવરણના જતન માટે આપણે બનતા તમામ પ્રયત્નો કરવા જ પડશે તો જ આવનારી પેઢીને લાભ મળશે.